# આજે ગાંધીનગરમાં 'વિશ્વ મહિલા દિવસ' ઉજવાશે

ગાંધીનગર, તા. ૭

આ વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી "સશક્ત ભવિષ્ય માટે જાતિગત સમાનતા" થીમ આધારિત કરવામાં આવી રહી છે. મહિલાઓને સમાન અધિકાર આપવા અને દરેક ક્ષેત્રમાં તેમની સહભાગિતા વધારવાના હેતુથી મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે જે માટે તા. ૮મી માર્ચનો દિવસ નિયત કરવામાં આવ્યો છે. ગાંધીનગરમાં પણ સરકારી આયોજનો ઉપરાંત વિવિધ સ્વૈચ્છિક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આવતીકાલ મંગળવારે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવશે જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે.

**● ગુજરાત સાયન્સ સિટી ખાતે સેમિનાર**

ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ પર સ્થિત ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ મહિલા દિવસની નિયત થીમ અંતર્ગત આયોજિત સેમિનારમાં મહિલા વિજ્ઞાની અને સ્કેનોટેકના સ્થાપક ડૉ. મેઘા ભટ્ટનું વક્તવ્ય યોજાશે. સાયન્સ સિટી દ્વારા દિવસ દરમ્યાન વિવિધ હેન્ડ્સ ઓન એક્ટિવિટીઝ, વક્તૃત્વ સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ૧૦૮ ઈમર્જન્સી આરોગ્ય સેવામાં જોડાયેલી મહિલા કર્મચારીઓ તથા માણેકબા સ્કૂલની વિદ્યાર્થીનીઓ પણ જોડાશે. આ ઉપરાંત ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરરેક્ટર એચ. સી. મોદી પણ મહિલા દિનની ઉજવણીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

**● સાર્થક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે. ૭ માં ઉજવણી**

ગાંધીનગરના સેક્ટર-૭માં શ્યામજી કૃષ્ણવર્મા પાર્ક ખાતે સાર્થક ફાઉન્ડેશન દ્વારા મહિલા દિવસ-૨૦૨૨ને અનુલક્ષીને એક વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સાંજે ૫ થી ૭ દરમ્યાન યોજાશે જેમાં મુખ્ય મહેમાનપદે મેયર હિતેષભાઈ મકવાણા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા મહિલા સેવા અગ્રણી અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના પૂર્વ પ્રમુખ મમતાબેન રાવલ મહિલાઓને પ્રેરક વક્તવ્ય આપશે. આ ઉજવણીમાં મહિલાઓ માટે વિવિધ મનોરંજક રમતો તેમજ કરાઓકે સિંગિગ અને વેશભૂષા વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું સંચાલન ગુજરાત મહિલા ક્રિકેટ ટીમના પૂર્વ કપ્તાન કુ. દર્શન રાજપૂત કરશે.

**● મધુર મહિલા દિવસ ઉજવણી**

ગાંધીનગરની મધુર ડેરી દ્વારા મધુર મહિલા દિવસ ઉજવણી સુકન્યા સમૃદ્ધિ યોજના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમારંભના અધ્યક્ષપદે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને મુખ્ય મહેમાન પદે કેન્દ્રિય પ્રસારણ મંત્રી દેવુસિંહ ચૌહાણ તથા ગુજરાતના રાજયકક્ષાના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહેશે.

**● 'આપ'ની મહિલા રમતગમત સ્પર્ધા**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આમ આદમી પાર્ટીના મહિલા સંગઠન દ્વારા ગાંધીનગરના કોટેશ્વર ગામ ખાતે ચેહરમાતાના મંદિર પાસે સાંજે ૪ કલાકે મહિલા રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજન 'આપ'ના શહેર મહિલા પ્રમુખ રીનાબેન રાવલ દ્વારા કરવામાં આવ્યું છે જેમાં અતિથીપદે 'આપ'ના સંગઠનમંત્રી હસમુખભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હું પણ એવું માનું છું કે... રશિયાએ શાંતિ રાખવી જોઈએ....!!!

## રાંદેસણ પાસે ચાલકે ક્રેટા કાર રીવર્સ લેતા એકટીવા સાથે અકસ્માત

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૨૯ ખાતે રહેયો યુવક પત્ની અને બાળકો સાથે કોબા ખાતે રહેતા સાળાના ઘરે જઈ રહ્યો હતો. તે સમયે રાંદેસણ પાસે ક્રેટાના ચાલકે કાર રીવર્સ લેતા એકટીવા સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવક પરિવાર સાથે નીચે પટકાતા ઈજા પહોંચી હતી. બનાવ અંગે કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૨૯ ખાતે રહેતો યાસીન કાસમભાઈ મનસુરી પરિવાર સાથે રહે છે અને કુડાસણ યુરેકા ફોકસ એકવાગાર્ડની કંપનીમાં છેલ્લા ત્રણ વર્ષથી ફરજ બજાવે છે. નોકરી પર આવન જાવન માટે જી.જે.૧૮.ડી.એ.-૮૦૧૩ નો ઉપયોગ કરે છે. ગતરોજ સાંજના સાડા ચાર વાગ્યાના સુમારે એકટીવા લઈ યાસીન તેની પત્ની અને બે બાળકો સાથે કોબા સાળાના ઘરે જવા માટે નીકળ્યો હતો. શાહપુર સર્કલ પસાર કરી રાંદેસણ ગામથી આગળ મુખ્ય માર્ગ પર કોઈ કારણ ક્રેટા કાર નં. જી.જે.૦૧.કે.યુ.-૬૬૪૧રીવર્સ લઈ આવતા એકટીવાના આગળના ભાગે ટકરાઈ હતી. જેથી એકટીવા પર સવાર દંપતિ અને બાળકો નીચે પડી ગયા હતા. જેમાં એકટીવા ચાલકને હાથેપગે તેમજ દિકરાને માથાના ભાગે ઈજા થઈ હતી.બનાવ અંગે ફરીયાદ નોધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## દેશી ગાય ઉછેરી પ્રાકૃતિક ખેતી અપનાવી

ગુજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગૌશાળાની ઘાસાચરા ખેતી માટે દેસાઈ ગાયનો ઉછેર કરી પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. એક દેશી ગાયના ગોબર-ગૌમૂત્રથી ત્રીસ એકર જમીનમાં ખેતી થઈ શકે છે. જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. આ ગીર ગાય દિવસનું ૧૬ કિ.ગ્રા દૂધ આપવાની ક્ષમતા ધરાવ છે જેના છાણ અને મુત્ર દ્વારા ઓછા ખર્ચે ઘાચચારા ખેતી કરવામાં આવી રહી છે. દેશી ગાયના ઉછેરનું કામ ગોવાળ જીવણ રબારી સંભાળી રહ્યા છે.



## સિવિલ હોસ્પિટલના સિક્યુરીટી ગાર્ડ અને એજન્સીના કર્મચારીઓને ફાયરની તાલિમ અપાઈ

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ફાયર તાલિમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સિવિલમાં ફાયર જવાનો તરીકે ફરજ બજાવતા કર્મચારીઓએ સિવિલના સિકયુરીટી ગાર્ડ અને ખાનગી એજન્સીના કર્મચારીઓને આગ લાગે તે સમયે શું કરવુ તેની માહિતી પુરી પાડી હતી અને ફાયરના સાધનોનો કેવીરીતે ઉપયોગ કરીને આગ પર કાબુ મેળવવો તેની પણ સમજણ આપી હતી. ફાયર જવાનોએ કર્મચારીઓને ફાયર એસ્ટિંગ્યુઝરનો ઉપયોગ કેવી રીતે કરવો તેની પણ માહીતી આપી હતી.

## પોર જાતરમાંથી જમીયતપુરા જતા દંપતિને અડાલજ પાસે કારે ટક્કર મારી

### દંપતિ નીચે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર પોર ખાતે મામાના ઘરે જાતરમાં હાજરી આપી જમીયતપુરા દંપતિ બાઈક લઈને જઈ રહ્યું હતું તે સમયે અડાલજ મહેસાણા પીકઅપ બસ સ્ટેન્ડ પાસે પાછળથી કાર ચાલકે ટક્કર મારતા દંપતિ નીચે પટકાયું હતું.જેમાં બંન્ને ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.જયાંથી મહિલાને માથાના ભાગે ગંભીર ઈજા હોવાથી અમદાવાદ રીફર કરાયા હતા, જયારે શૈલેષભાઈને ખભાના ભાગે ફ્રેકચર હોવાથી સારવાર હેઠળ છે. બનાવ અંગે અડલાજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જમીયતપુરા ખાતે પ્રજાપતિ વાસમાં રહેતા શૈલેષભાઈ કાન્તિભાઈ પ્રજાપતિ (ઉં.૪૯) કલોલ જીઆઈડીસી ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગતરોજ જમીયતપુરા થી પોર ગામે જાતર હોવાથી સાંજના ચાર વાગે બાઈક નં.જી.જે.૧૮.એ.એસ.-૧૮૬૪ લઈને ગયા હતા. ત્યારબાદ માતાજીના દર્શન કરી જાતરમાં હાજરી આપી રાત્રીના સવા અગીયાર વાગે બાઈક લઈ પરત જમીયતપુરા જઈ રહ્યા હતા. તે સમયે અડાલજ મહેસાણા પીકઅપ બસ સ્ટેન્ડ પાસે પાછળથી ગાડી નં. જી.જે.૦૧.ડબલ્યું.સી.૮૧૩૧ બાઈકને ટક્કર મારતા શૈલેષભાઈએ બાઈક પરનો કાબુ ગુમાવતા આધેડ દંપતિ નીચે જમીન પર પટકાયા હતા. જેમાં મહિલાને માથાના ભાગે તેમજ શૈલેષભાઈને ખભાના ભાગે ઈજા પહોંચી હતી.અકસ્માતને પગલે નાગરીકો એકઠા થઈ જતા ૧૦૮ને કોલ કરતા ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયાં શિલ્પાબેનને માથાના ભાગે ગંભીર ઈજા હોવાથી અમદાવાદ લઈ જવાયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના આરોગ્યતંત્રએ વર્ગ-૧ ના ૪૪ અને વર્ગ-૨ના ડેન્ટલ સર્જનોની બદલીના ઓર્ડર જારી કર્યા છે.
- સાબરડેરીના વાઈસ ચેરમેન જે.બી. પટેલ આજે ભાજપમાં જોડાયા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેતી-ઉત્પાદન અને સહકાર સમિતિની બેઠક આજે જિલ્લા પંચાયત ખાતે યોજાઈ હતી.
- પંચાયત મહાસભા-મારૂ ગામ મારૂ ગુજરાતની તૈયારીઓને લઈ આજે બપોર બાદ પંચાયત અધિકારીઓ અમદાવાદ ખાતે યોજાયેલ બેઠકમાં હાજરી આપવા ગયા હતા.
- આજે વિશ્વ મહિલા દિવસની ઉજવણીને લઈ પાટનગરમાં રાજકીય ધમધમાટ વધ્યો.
- આજે પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલની આંખો વારંવાર મીંચાઈ જતી જોવા મળી હતી.
- બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલ આજે વિધાનસભાગૃહની મુલાકાતે હતા.
- જિલ્લામાં કુપોષિત બાળકો અંગે અધિક નિવાસી કલેકટર સુશ્રી રિતુ સિંગની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.
- મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે શાખાધિકારીઓ સાથે સાપ્તાહિક સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે મુલાકાતીઓ સારી એવી સંખ્યામાં આવ્યા હતા.

## લક્ષ્ય આરોગ્યમ્ અભિયાન અંતર્ગત ત્રિદિવસીય યોગ શિબિરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૦૭

ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર મહાનગર એકમ, પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે લક્ષ્ય આરોગ્યમ્ અભિયાન અંતર્ગત ત્રિદિવસીય યોગ શિબિરનો પ્રારંભ કરાયો છે. શુભારંભ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઈફ્કો કંપનીના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને તેમના ધર્મપત્ની ગીતાબેન સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, યુવા નેતા તરુણભાઈ બારોટ અને ભારતીય જનતા પાર્ટી યુવા સમિતિ અધ્યક્ષ સંજીવ મહેતા ઉપસ્થિત રહ્યાં હતા. શિબિરની સફળતા માટે સ્ટોર્મ ઓવરસીઝ એજ્યુકેશનના વડા કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટે મહત્વનું યોગદાન આપ્યું છે. યોગ શિબિરનું સમગ્ર સંચાલન ગાંધીનગરના જાણીતા યોગાચાર્ય અને પતંજલી યોગ સમિતિના જિલ્લા અધ્યક્ષ ડો. કાનજીભાઈ બાવરી તથા મહિલા પતંજલી યોગ સમિતિના જિલ્લા અધ્યક્ષ ડો. નેહલ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આંબેડકરની પ્રતિમા પાસે વિરોધ નોંધાવતા એલઆરડી ઉમેદવારોની અટકાયત

ગાંધીનગર,તા.૭

ગુજરાતના એલઆરડી ઉમેદવારો પડતર પ્રશ્નો અંગે છેલ્લા ત્રણ વર્ષથી સરકાર સામે લડતનો મોરચો માંડ્યો છે. છતા પણ ભરતી પ્રક્રિયામાં વેઈટીંગ મુદ્દે પણ નિરાકરણ નહી આવતા આજે એલઆરડી ઉમેદવારોએ શહેરમાં પદયાત્રાનું આયોજન કર્યુ હતું. ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહારનો કાર્યક્રમ કરી વિરોધ નોંધાવતા ઉમેદવારોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.



મળતી વિગત મુજબ રાજમયાં જે તે સમયે લોકરક્ષક દળની ભરતીમાં ૨૦ ટકા વેઈટીંગની જાહેરાત કરી હતી. પરંતુ વર્તમાન સમયમાં આ મુદ્દાને હટાવી દેવામાં આવ્યો છે. જયારે ભરતી પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. ત્યારે થોડા સમય પહેલા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પણ એલઆરડી ઉમેદવારોએ વિરોધ પ્રદર્શીત કર્યો હતો. ત્યારે હાલ વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે. તે સમયે એલઆરડી ઉમેદવારો પોતાની માંગણીઓ મુદ્દે શહેરમાં અડીંગો જમાવ્યો છે. વિધાનસભા સામે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી પદયાત્રા યોજી સરાકરને રજુઆત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ અંગની ગંધ આવી જતા આંબેડકરની પ્રતિમા પાસે પોલીસ દ્વારા પહેરો ગોઠવી દેવાયો હતો. ત્યારે ઉમેદવારોએ સુત્રોચ્ચાર શરુ કરતા જ પોલીસે તેમની અટકાયત કરી હતી.છેલ્લા ત્રણ વર્ષથી ભરતી પ્રક્રિયા માટે રજુઆત કરીએ છીએ પણ હજી સુધી સરકાર દ્વારા કોઈ નિરાકરણ લાવવામાં આવતુ નથી.હાલમાં ૫૧૨ ઉમેદવારોની જગ્યા ખાલી પડી છે અને તે જગ્યાઓ ભરવા માટે વેઈટીંગમાં રહેલા ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો છે.

## પુસ્તક પરબમાં વાંચનપ્રેમીઓના ઉત્સાહ સાથે ૪૬૦ જેટલાં પુસ્તકોનું આદાનપ્રદાન

ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવતી પુસ્તક પરબ પ્રવૃત્તિ આઠમા વર્ષમાં પ્રવેશી છે. એક પણ રૂપિયાના ખર્ચ વગર આ પ્રવૃત્તિ ચાલે છે, જેમાં ગાંધીનગરના શિષ્ટ પુસ્તક વાચનપ્રેમીઓનો ઘણો પ્રોત્સાહક સહયોગ રહેલો છે. માતૃભાષા અભિયાન અંતર્ગત અને આત્મન ફાઉન્ડેશન દ્વારા આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. સ્વેરછાએ આ પ્રવૃત્તિમાં મિત્રો સહભાગી બની જોડાય છે. માર્ચ માસની તા.૬ઠ્ઠી માર્ચ રવિવારના રોજ બલરામ મંદિરમાં યોજાયેલી પુસ્તક પરબમાં પુસ્તક - સામયિક મળી કુલ - ૪૬૨ પુસ્તકોની આવક - જાવક થઈ હતી. અંદાજે ૧૨૫ ઉપરાંત મુલાકાતીઓએ પરબની મુલાકાત લીધી હતી, જેમાં બહેનો, વિદ્યાર્થીઓ, વડીલો તેમજ ડોકટર અને વકીલોનો સમાવેશ થાય છે. અજયભાઈ ઉપાધ્યાય, ધૂર્જટી પ્રજાપતિ, રમેશભાઈ ગર્ગ, રણછોડભાઈ પરમાર, રોહિણીબેન પરમાર, પ્રજ્ઞા પટેલ, કિશોરભાઈ જિકાદરા, રજનીકાંત વૈષ્ણવ વગેરે આ પુસ્તક પરબમાં સહયોગી બન્યા હતા.




## ભાવિ ઓલિમ્પિક માટે શ્રેષ્ઠ રમતીવીરો તૈયાર કરવા એથ્લેટિક્સ મીટ મહત્ત્વની : હર્ષદભાઈ શાહ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજ્યની પ્રથમ અંડર-૧૧ એથ્લેટિક્સ મીટનો રવિવારે નડિયાદ ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયાના ડાયરેક્ટર જનરલ સંદીપ પ્રધાનના હસ્તે ભવ્ય પ્રારંભ થયો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણા તેમજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિની ઉપસ્થિતિમાં મીટનો પ્રારંભ થતાં જ રસાકસીભરી સ્પર્ધાઓ શરૂ થઈ છે. ચાર દિવસીય આ મીટમાં ગુજરાતના ખૂણે-ખૂણેથી કુલ ૭૨૬૬ બાળકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આસિ. પ્રોફેસર ડૉ. મહેન્દ્ર પટેલ તથા રમતવીર બાબુભાઈ પણુચા લિખિત '૧૦૦૦થી વધુ ભારતીય રમતો' પુસ્તકનું વિમોચન થયું હતું.

રાજ્યની પ્રથમ અંડર-૧૧ એથ્લેટિક્સ મીટને ખુલ્લી મુકતા એસ.ઓ.આઈ.ના ડાયરેકટર જનરલ સંદીપ પ્રધાને જણાવ્યું હતું કે ગુજરાતની પ્રથમ એવી અંડર-૧૧ મીટના આ ભવ્ય આયોજન બદલ આયોજકોને ધન્યવાદ છે. તેમણે કહ્યું કે ૨૦૩૬ની ઓલિમ્પિકમાં ગોલ્ડ જીતવાનો સંકલ્પ આ મીટમાંથી લઈને જઈએ. જો સંકલ્પ કરીએ તો કશું અશક્ય નથી. તેમણે વાલીઓને પણ બાળકોને રમત માટે પ્રોત્સાહન આપવા અપીલ કરી. સાથે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત 'ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોઝ'નું પાલન કરવા અપીલ કરી.

આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે દેશના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ધ્યેયસૂત્ર આપ્યું હતું કે પ્રત્યેક બાળક મહત્ત્વનું છે. રમત-ગમતની શરૂઆત બચપણથી જ થવી જોઇએ. શ્રેષ્ઠ રમતવીર તૈયાર કરવા માટે બાળકોને રમત-ગમત માટે પ્રોત્સાહન આપવું જોઈએ. તો જ આપણે ૨૦૩૬માં ભારતમાં થનારા ઓલિમ્પિકમાં રમતવીરો મોકલી શકીશું. આ દ્રષ્ટિકોણથી જ આ એથ્લેટિક્સ મીટનું આયોજન કર્યુ છે. આ ઈવેન્ટ ગુજરાતના ખમીરને ઢંઢોળવાનું કામ કરશે.